રવિવારે વડાપ્રધાન મોદી સ્મૃતિવનનું લોકાર્પણ કરશે

ભૂકંપમાં ભોગ બનેલાઓની યાદમાં ભુજમાં બનાવાયું સ્મૃતિવન : કુદરતી આપત્તિમાંથી કચ્છ ભારે ખુમારી સાથે પાછું બેઠું થયું છે જેની વિશ્વભરમાં નોંધ લેવાઈ છે

ગાંધીનગર, તા.૨૩

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના દિવસે આવેલા ભૂકંપને ગુજરાત અને ખાસ કરીને કચ્છના લોકો ક્યારેય ભૂલી શકશે નહીં. આ ભૂકંપમાં કચ્છમાં હજારો લોકોના મોત થયા હતા અને ઘણું નુકસાન થયું હતું. આ કુદરતી આપત્તિમાંથી કચ્છ ભારે ખુમારી સાથે પાછું બેઠું થયું છે, જેની વિશ્વભરમાં નોંધ લેવાઈ છે. આ હોનારતમાં ભોગ બનેલા નાગરિકોના યાદમાં સ્મૃતિવન બનાવવામાં આવ્યું છે. જેનું વિચારબીજ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આપ્યું હતું. રાજ્યની ભપેન્દ્ર પટેલની સરકારે આ પ્રોજેક્ટ પૂરો કરી દીધો છે અને હવે ૨૮મી ઓગસ્ટે પીએમ મોદી તેનું લોકાર્પણ કરશે. આ સ્મૃતિવનમાં એક ખાસ મ્યૂઝિયમ પણ બનાવાયું છે. જેમાં ભૂકંપની ક્ષણને જીવંત કરવામાં આવી છે. લોકોને નવું શીખવા મળે અને ભૂસ્તર વિજ્ઞાનમાં રસ ઉભો થાય તે પણ આ મ્યૂઝિયમ બનાવવા પાછળનો હેતુ છે. તેમાં ભૂસ્તરશાસ્ત્રને લગતી વિવિધ રસપ્રદ માહિતી તેમજ ભૂકંપની સ્મૃતિઓને અહીં અલગ-અલગ ગેલેરીઓમાં દર્શાવવામાં આવશે. તેના માટે આધુનિક ટેકનોલોજી અને ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કચ્છનો વિશેષ રંગ ઉમેરાય તે હેતુથી આ મ્યૂઝિયમની દિવાલો અને ફ્લોરમાં સ્થાનિક ખાવડા સ્ટોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પથ્થરની વિશેષતા એ છે કે સમય જતા લોકોની ચહલપહલની સાથે તે વધુ મજબૂત અને સુંદર બનતો જાય છે.

બાલવા-માણસા માર્ગને ફોરલેન કરવા વૃક્ષોનુ માર્કીંગ : ૪૦ કરોડનો ખર્ચ કરાશે

વૃક્ષોના માર્કીંગના અંતે યોજનાનુ કામ આગળ વધશે : ટ્રાફિકથી ભરચક માર્ગના વાઇડનીંગના અંતે માર્ગ સલામતી જળવાશે તો વાહન વ્યવહારની અવરજવર પણ સરળ અને ઝડપી બનશે

ગાંધીનગર તા ૨૩

માણસા બાલવા માર્ગને ફોરલેન કરવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જયારે આ આઠ કીલોમીટરના માર્ગના વાઈડનીંગ માટે વૃક્ષોની પણ કટોતી કરવામાં આવશે જેને અનુલક્ષીને હાલ વૃક્ષોને માર્કીંગ કરવાની પ્રકીયા પુર્ણ કરી દેવાયા બાદ આ પ્રોજેકટનુ કામ હાથ ધરવામાં આવશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર માણસા માર્ગને વિવિધ ત્રણ તબક્કામાં ફોરલેન કરવા માટે આયોજન કરાયુ છે. જયારે આ અન્વયે બાલવાથી માણસા સુધીના આઠ કીમીના માર્ગનુ પણ વાઈડનીંગ કરવામાં આવનાર છે. જો કે આ અન્વયે હજુ સ્થળ પર કામ શરૂ કરાયુ નથી. જયારે આ કામગીરીને અનુલક્ષીને વનતંત્ર દ્વારા નડતર વૃક્ષોને માર્કીંગ કરવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. ગાંધીનગર માણસાના આ ૨૬ કી મી લંબાઈ ધરાવતા માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળે છે. જયારે બે મહીના અગાઉ મુખ્યમંત્રીએ આ વિસ્તારની મુલાકાત લીધી હતી ત્યારે આ માર્ગનુ વાઈડનીંગ કરવા માટે પણ સ્થાનિક અગ્રણીઓએ રજુઆત કરી હતી. ત્યારે મુખ્યમંત્રીએ પણ આ કામ ઝડપથી હાથ ધરવા માટે હકારાત્મક અભિગમ દાખવ્યો હતો જેને અનુલક્ષી વિભાગના અધિકારીઓને પણ સુચના આપી દેવામાં આવી હતી. જયારે ૧૦ મીટરની પહોળાઈ ધરાવતા આ માર્ગને ફોરલેન કરવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ૪૦ કરોડના ખર્ચનો અંદાજ તૈયાર કરાયો છે. જયારે આ કામગીરીને આગળ ધપાવવા માટે વનતંત્ર દ્વારા વૃક્ષોનુ માર્કીંગ શરૂ કરી દેવાયુ છે. જેમાં જેટલા વૃક્ષોનુ માર્કીંગ કરી કટોતી કરવામાં આવશે તેનાથી બમણાં વૃક્ષોની પણ વાવણી કરાશે. જેની પાછળ થતા ખર્ચનુ પણ વનવિભાગને વળતર ચુકવવામાં આવશે. જયારે આ પ્રકીયાના અંતે માર્ગનુ કામ હાથ ધરાશે. બાલવા માણસા માર્ગને ફોરલેન કરવાની યોજનાના અમલ બાદ આ વિસ્તારમાં રોજબરોજ પસાર થતા હજારો વાહનચાલકોને ટ્રાફિક જામમાંથી છુટકારો મળશે જયારે માર્ગ સલામતીના પરિબળો સચવાશે જેની સાથે ટ્રાફિકની અવરજવર પણ સરળ તેમજ ઝડપી બનશે.

ખાદ્યતેલનાં બજાર ખૂલતાં સિંગતેલના ડબ્બામાં રૂપિયા ૫૦નો જંગી વધારો

સિંગતેલનો નવો ભાવ ૨૮૫૦ ઉપર : પામોલિન તેલના ભાવમાં ઘટાડો નોંધાયો, તહેવારમાં કમાઈ લેવા પામતેલના ભાવ સટોડિયાઓએ ઘટવા ન દીધા

ગાંધીનગર, તા.૨૩

ઓગસ્ટમાં તહેવારોની મોસમ પૂર્ણ થતાં જ સિંગતેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. ખાદ્યતેલની બજાર ખૂલતા જ ભડકો થયો છે. સિંગતેલનો ડબ્બો ૨૮૦૦ થી ૨૮૫૦ રૂપિયાના ભાવે પહોંચ્યો છે. સિંગતેલના ડબામાં ૫૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. તો એક રાહતના સમાચાર એ છે કે, પામ તેલના ભાવમાં તોતિંગ ૧૬૫ નો ઘટાડો નોંધાયો છે.

ગાંધીનગર, રાજકોટ સહિત સૌરાષ્ટ્રમા સાતમ આઠમના તહેવારો નજીક આવતાની સાથે જ તેલના ભાવમાં વધારો થતો હોય છે. ત્યારે તહેવારો પૂર્ણ થતા જ તેલના ભાવમાં વધારો યથાવત છે. સિંગતેલના ડબામાં ૫૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. સિંગતેલના ભાવમાં વધારો થયો છે. ડબ્બા મુજબ ૨૮૦૦ થી ૨૮૫૦ રૂપિયાના ભાવે પહોંચ્યો છે. તો બીજી તરફ, પામોલિન તેલના ભાવમાં ઘટાડો નોંધાયો છે. તહેવારમાં કમાઈ લેવા પામતેલના ભાવ સટોડિયાઓએ ઘટવા ન દીધા. હવે તહેવારો બાદ પામતેલના ડબ્બાના ભાવમાં ઘટાડો થતા ૧૯૨૦ -૧૯૨૫ ના ભાવે પહોંચ્યું છે. તહેવાર નજીક આવતા ખાદ્યતેલના ભાવમાં ભડકો થયો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પૂરેપૂરી છે. સીંગતેલના ભાવમાં વધારો આવશે તો એની અસર કપાસિયા અને અન્ય તેલમાં પણ જોવા મળશે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે.

ચીખલી, વાસંદા અને નવસારીમાં ભૂકંપના આંચકા

૧૫ દિવસમાં બીજીવાર ઘરા ધ્રુજતા લોકો ગભરાયા : સરકારી કચેરીઓ સહિત રહેણાંક વિસ્તારના લોકો બહાર નીકળી ગયા હતા, ભૂકંપને કારણે લોકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો

નવસારી,તા.૨૩

ચીખલી, વાસંદા અને નવસારી તાલુકામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. સોમવારે મોડી રાતે ૧૨:૧૦ કલાકે ૩.૨ રિક્ટર સ્કેલનો આંચકો અનુભવાયો હતો. આ પહેલા પણ ઓગસ્ટમાં નવસારીમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેની તીવ્રતા ૨.૯ હોવાનું જાણવા મળ્યું હતુ. ચીખલી, વાસંદા અને નવસારી તાલુકામાં સોમવારે મોડી રાતે ૧૨:૧૦ કલાકે ૩.૨ રિક્ટર સ્કેલનો આંચકો અનુભવાયો હતો. કંપનું કેન્દ્રબિંદુ નવસારીથી ૨૯ કિલોમીટર દૂર નોંધાયું હતુ. ૧૫ દિવસમાં ભૂકંપનો આ બીજો આંચકો આવતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. નોંધનીય છે કે, ઓગસ્ટમાં આવેલા ભૂકંપના આંચકાનું કેન્દ્ર બિંદુ ભીનાર ગામે નોંધાયું હતુ. સરકારી કચેરીઓ સહિત રહેણાંક વિસ્તારના લોકો બહાર નીકળી ગયા હતા. ભૂકંપને કારણે લોકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. સુરત શહેરના ચોક બજાર વિસ્તારમાં સૂર્યા મરાઠી ગેંગના સાગરીત સફી શેખ નામના ઈસમ પર ફાયરિંગની ઘટના બની હતી. ઘટનાને પગલે પોલીસે તાત્કાલિક જુદી જુદી ટીમો બનાવી કુલ ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. એમાંથી ત્રણ આરોપી જુવેનાઈલ હોવાનું સામે આવ્યું છે. સુરતના ચોક બજાર વિસ્તારમાં આવેલા રોયલ ઓટો નામની દુકાનની બહાર ફાયરિંગની ઘટના બની હતી. સફિ સેખ નામનો વ્યક્તિ ત્યાં બેઠો હતો. તે દરમિયાન તેના પર ફાયરિંગ થયું હતું. આ ફાયરિંગમાં સફી શેખ ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સરદાર સરોવર ડેમની સપાટીમાં વધારો નોંધાયો છે. મંગળવારે સવારે ડેમની સપાટી ૧૩૫.૯૩ મીટર પર પહોંચી હતી. ઉપરવાસમાંથી હાલ ડેમમાં ૪,૧૨૮૪૧ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. બીજી તરફ ડેમમાંથી ૪,૧૨૫૪૭ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ ડેમના ૨૩ દરવાજા ૨.૫ મીટર સુધી ખોલીને નર્મદા નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. પાણી છોડવામાં આવતા નર્મદા નદીના કાંઠા વિસ્તાર નર્મદા, વડોદરા, ભરૂચને એલર્ટ કરવામાં આવ્યા છે.

કેન્દ્રના જળશક્તિ મંત્રાલયની સ્ટીયરીંગ કમિટી ગાંધીનગર જિલ્લાના પ્રવાસે આવી હતી. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતાની કામગીરી, નલ સે જલ યોજના તેમજ રીચાર્જીંગના સોર્સિસની સમીક્ષા કરી અડાલજની પ્રસિધ્ધ વાવની પણ મુલાકાત કરી હતી. આ ટીમમાં ૧૨ સાંસદો, ૧૨ ઉચ્ચ અધિકારીઓજોડાયા હતા. ટીમે અડાલજ વાવનું નિરિક્ષણ કર્યું હતું તેમજ અડાલજ પંચાયતની કામગીરી પણ ચકાસી હતી.

જૂનાગઢના ગોરખનાથ આશ્રમની અમિતાભ બચ્ચન મુલાકાત લેશે

જૂનાગઢ, તા.૨૩

સદીના મહાનાયક અમિતાભ બચ્ચન ફરી એકવાર ગુજરાત પ્રવાસે આવનાર છે. પરંતુ આ વખતે તેઓ કોઈ જાહેરાત કે બીજા કોઈ હેતુથી નહીં પરંતુ સૌરાષ્ટ્રના ધાર્મિક પ્રવાસે આવી રહ્યા છે. અમિતાભ બચ્ચનની આધ્યાત્મિક ટુર ગીરનાર તીર્થ ક્ષેત્રની મુલાકાત લેશે. ભવનાથ તળેટીમાં આવેલ શ્રીગોરક્ષ આશ્રમની મુલાકાત સાથે ભવનાથ મંદિર મહાદેવના દર્શન, ગીરનાર પર્વત આવેલ માં અંબાના દર્શન અને જો રોપ વે શરૂ હશે તો ત્યાં પણ જશે. બે દિવસના સૌરાષ્ટ્ર પ્રવાસમાં અમિતાભ બચ્ચન ૨૬ ઓગષ્ટ કેશોદ એરપોર્ટથી કાર માર્ગે જુનાગઢ આવશે, અને ત્યારબાદ સોમનાથ અને દ્વારકા પણ જશે.

વન કર્મચારીઓના પ્રશ્નોનો લાંબા સમયથી નિરાકરણ આવતુ ન હોવાનો આકોશ પ્રબળ બન્યો છે. વનરક્ષક વર્ગ -૩ ને ૨૮૦૦ નો ગ્રેડ પે તેમજ વનપાલને ૪૨૦૦ ગ્રેડ પે તેમજ રજા પગાર આપવાના મામલે અનેકવાર રજુઆત કરવામાં આવી હોવાછતા નિરાકરણ આવતુ નથી. આ મામલે વિવિધ રેન્જના વનપાલ અને વનરક્ષકોએ એકત્રિત થઈને મુખ્ય વનસંરક્ષકને આવેદનપત્ર આપ્યુ હતુ. જયારે આ મામલે ન્યાય ન મળતા કર્મચારીઓ આગામી તા ૨૯ ઓગષ્ટથી અચોક્કસ મુદતની હડતાળ કરીને ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ફોટો જર્નાલિસ્ટ એશોસીએશન દ્વારા અમદાવાદ ખાતે આયોજિત 'ફોટો પ્રદર્શન'ને ખુલ્લું મુકાયું

રવિશંકર આર્ટ ગેલેરી ખાતે 'ફોટો પ્રદર્શન' ૨૮ ઓગષ્ટ સુધી ખુલ્લું રહેશે : ૧૬૦ જેટલી સુંદર તસ્વીરો એક જ સ્થળે નિહાળવાની તક

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદની રવિશંકર આર્ટ ગેલેરી ખાતે ફોટો જર્નાલિસ્ટ એસોશીએશન આયોજિત 'ફોટો પ્રદર્શન' ખુલ્લું મુક્યું હતું. વર્લ્ડ ફોટોગ્રાફી ડે ની ઉજવણીના ઉપલક્ષ્યમાં ફોટો જર્નાલિસ્ટ એસોશીએશન આયોજિત 'ફોટો પ્રદર્શન'માં ૧૬૦ જેટલી સુંદર અને અલભ્ય તસ્વીરો પ્રદર્શિત કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ આ તસ્વીરો અત્યંત રસપૂર્વક નિહાળી હતી. કેમેરાના માધ્યમથી કચકડે કંડારાયેલી અનેક તસ્વીરી યાદગાર ક્ષણોને મુખ્યમંત્રીએ બિરદાવીને તસ્વીરકારોને અભિનંદન પણ આપ્યા હતા.

લગભગ ૩૦ વર્ષ પહેલાં સ્થપાયેલા ફોટો જર્નાલિસ્ટ એસોશીએશનના ૩૧ સભ્યો દ્વારા કોરોના કાળથી અત્યાર સુધીમાં કંડારાયેલી બેનમૂન તસ્વીરો આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરાઈ છે.

પ્રાકૃતિક સૌંદર્ય, રીત-રિવાજ તથા માનવીય સંવેદના ઉપરાંત કોરોના કાળમાં સરકાર દ્વારા ઉપલબ્ધ કરાયેલી ટેસ્ટીંગથી માંડી અન્ય સુવિધાઓને ઉજાગર કરતી બાબતોને ફોટોકર્મીઓ દ્વારા કેમેરામાં કંડારવામાં આવી છે તે પૈકીની શ્રેષ્ઠ તસ્વીરો આ પ્રદર્શનમાં પ્રદર્શિત થઈ છે. શ્રેષ્ઠ તસ્વીરો પૈકી પ્રથમ, બીજા અને ત્રીજા એમ અનુક્રમે અમીતભાઈ દવે, શૈલેષ સોલંકી અને ધવલ ભરવાડને તથા ૧૦ કોન્સોલેશન પ્રાઈઝ મેળવનાર તસ્વીરકારોને મુખ્યમંત્રીના હસ્તે ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા.

ગરીબો માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં ચૂંટણીમાં મફત સુવિધાઓનું વચન આપનાર રાજકીય પક્ષોની માન્યતા રદ કરવાની માંગ કરવામાં આવી હતી.

ચીફ જસ્ટિસે આજની સુનાવણીમાં કહ્યું કે કોર્ટને આ મુદ્દે પણ આદેશ જારી કરવાની સત્તા છે પરંતુ આવતીકાલે જો કોઈ કલ્યાણ સ્કીમ કહીને કોર્ટમાં આવે કે તે સાચી છે તો ફરી એવી ચર્ચા થશે કે કેમ ન્યાયતંત્રએ આ મામલે હસ્તક્ષેપ કર્યો હતો

સુપ્રીમ કોર્ટે અગાઉ કહ્યું હતું કે, અમે નક્કી કરીશું કે મફત ભેટ શું છે. કોર્ટે પૂછ્યું કે શું સાર્વત્રિક આરોગ્ય સંભાળ, પીવાના પાણીની પહોંચ, શિક્ષણની ઍક્સેસને મફત ભેટ તરીકે ગણી શકાય. મફત ભેટ શું છે તે આપણે વ્યાખ્યાયિત કરવાની જરૂર છે. શું આપણે ખેડૂતોને મફત ખાતર, બાળકોને મફત શિક્ષણના વચનને મફત ભેટ કહી શકીએ? જનતાના પૈસા ખર્ચવાનો સાચો રસ્તો કયો છે તે જોવુ જોઈએ.

એસસીએ બુધવારે કહ્યું હતું કે, રાજકીય પક્ષો અને વ્યક્તિઓને તેમની બંધારણીય જવાબદારી પૂરી કરવાના હેતુસર ચૂંટણી વચનો આપતા અટકાવી શકાય નહીં. આ ઉપરાંત, વ્યક્તિએ 'ફ્રીબીઝ' શબ્દ અને વાસ્તવિક કલ્યાણ યોજનાઓ વચ્ચેનો તફાવત સમજવો પડશે.

કોર્ટે મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) નો ઉલ્લેખ કરતા કહ્યું કે, મતદારો મફત ભેટો માંગતા નથી, પરંતુ જ્યારે તેઓ તક આપે છે ત્યારે તેઓ ગૌરવપૂર્ણ રીતે આવક મેળવવા માંગે છે.

લાઉડ સ્પીકર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ જાહેર વ્યવસ્થા, નૈતિકતા, સ્વાસ્થ્યના મામલામાં ભારતીય બંધારણના ભાગ ૩ ની અન્ય જોગવાઈઓ હેઠળ પ્રતિબંધોને આધીન છે.

કોર્ટે કહ્યું કે, એ તર્કનો સ્વીકાર નહીં કરી શકાય કે, અજાનનો અવાજ અરજદારોની સાથે-સાથે અન્ય ધર્મોના લોકોને પ્રાપ્ત મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સરગાસણ ગામેથી ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાં સતત બીજા દિવસે બીજો કેસ નોંધાતા તંત્રની ચિંતા વધી છે. આ ઉપરાંત સે. ૩માં એક પાંચ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં સતત કેસો વધી રહ્યા છે, તંત્રએ પણ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત સ્વાઈન ફ્લુના લક્ષણો જણાય તો તાત્કાલિક ટેસ્ટ કરાવવાની સૂચનાઓ આપી છે. બાળ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી પણ તંત્રમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

ઠંડક પ્રવર્તી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહત્તમ તાપમાન ૨૭.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૪.૩ ડીગ્રી રહેતા મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૩ ડીગ્રીનો જ તફાવત જોવા મળ્યો હતો. સવારથી સાંજ સુધી આકાશમાં વરસાદી વાદળોના ઘેરાવ સાથે નગરમાં વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે અને સાંજે ૯૭ ટકા રહ્યુ હતુ. શહેરમાં છેલ્લા બે મહીનાથી વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે નગરમાં ચોમાસાની જમાવટ જોવા મળે છે. ધીમી ધારે વરસતા વરસાદના લીધે ખેતપાકો માટે વરસાદનો આ મિજાજ આર્શીવાદરૂપ પુરવાર થયો છે.

ખેડુતોમાં હર્ષની લાગણી વ્યાપી છે. શહેરમાં અત્યાર સુધી માંડ ત્રણ થી ચાર વાર મેઘરાજા તોફાની મિજાજમાં જોવા મળ્યા છે. આ સિવાય છુટાછવાયા ઝાપટા વરસાવી જતા વરસાદના મંદ મિજાજથી નગરજનો પણ અકળામણ અનુભવી રહ્યા છે. વરસાદી વાદળો દુર હટતા તુરંત જ વાતાવરણમાં આકરો બફારો વર્તાય છે. વરસાદી મોસમથી સેકટરોમાં દુવિધાઓનો ઢગ મંડરાયો છે. જયારે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. હવામાન તજજ્ઞોના મતે આગામી બે ત્રણ દિવસ ગાંધીનગર અમદાવાદ સહીત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. શહેરમાં વરસાદી મોસમની જમાવટ વચ્ચે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીનો ઢગ ખડકાયા છે. મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ પણ વધતા રોગચાળો ગમે ત્યારે જોર પકડે તેવી સ્થિતિ છે. વરસતા વરસાદમાં શહેરમાં છેલ્લા ઘણાં સમયથી રખડતા ઢોરની સમસ્યા વધુ જટીલ બની છે. ઘાસ અને હરિયાળીમાં જીવાતથી કંટાળી ગાયો માર્ગ વચાળે અડ્ડો જમાવતા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આ સ્થિતિ વચ્ચે શહેરના સેકટરોમાં સફાઈ તેમજ દવા છંટકાવ માટે પણ ત્વરિત ઝુંબેશ હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

નળ સે જળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ તંત્ર કક્ષાએથી હાથ ધરાયેલી સર્વેની પ્રકીયાના અંતે આ તમામ ગામોમાં થઈને કુલ ૩૯૦૦ જેટલા કાયદેસરના જોડાણ છે. જયારે રહેણાંક મિલ્કતની સંખ્યા પણ ૧૧ હજાર જેટલી છે. જો કે હાલની સ્થિતિએ આ સંખ્યામાં વધ ઘટ થઈ હોવાની સંભાવના છે. આ સ્થિતિ વચ્ચે શહેરી ગામોમાં નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવા માટે સરકારનુ માર્ગદર્શન માંગવામાં આવ્યુ છે. જયારે સરકાર કક્ષાએથી નિતી નક્કી કરાયા બાદ નવા જોડાણ આપવા માટે કામગીરી હાથ ધરાશે જો કે હાલની સ્થિતિએ નવા જોડાણ આપવાની યોજના અન્વયે તંત્ર કક્ષાએથી જરૂરી આનુસંગિક સુવિધાઓ ઉભી કરી દેવામાં આવી છે.

મોકપોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન ૧૧૧ બેલેટ યુનિટ, ૨૧૩ કંટ્રોલ યુનિટ અને ૧૫૮ જેટલા વી.વી. પેટ ક્ષતિગ્રસ્ત જણાતાં તેને અલગ તારવી દેવામાં આવ્યા છે.

આગામી ચૂંટણી માટે પંચે ૨૩૮૭ બેલેટ યુનિટ, ૧૯૦૫ કંટ્રોલ યુનિટ અને ૨૧૧૨ વી.વી. પેટ મશીન ફર્સ્ટલેવલ ઈન્સ્પેકશન બાદ અલગ કરી દેવાયા છે. હવે આ મશીનો પાંચેય વિધાનસભા મત વિસ્તારને ફાળવી દેવામાં આવશે.

જિલ્લામાં પાચંય વિધાનસભા મતવિસ્તારમાં ૧૩૫૦ મતદાન મથકો નિયત કરવામાં આવેલા છે. જે ૨૦૧૭ની ચૂંટણી કરતાં ૮ વધુ છે.